રોગચાળાને ડામવા પોરાનાશક કામગીરી કરતા ફીલ્ડ વર્કરોને નોકરી પાછી આપો

મચ્છરજન્ય રોગચાળાને ડામવા પોરાનાશક કામગીરી કરતા ફીલ્ડ વર્કરોએ આઉટ સોર્સિંગથી સમાવેશ કરવા મ્યુનિ કમિશ્નરને આવેદનપત્ર આપ્યુ

ગાંધીનગર તા ૩

શહેરમાં વરસાદી દિવસો દરમિયાન મેલેરિયા અને ડેન્ગયુના રોગચાળાએ ભરડો લીધો હતો. ડેન્ગયુના સંખ્યાબંધ કેસ સામે આવ્યા હતા જયારે હાલ પણ એકાદ ડેન્ગયુના કેસ જોવા મળી રહ્યા છે ત્યારે રોગચાળાને ડામવા પોરાનાશક કામગીરી કરતા ફીલ્ડ વર્કરોને નોકરીમાં પરત લેવા માટે આજે મ્યુનિ કમિશ્નરને આવેદનપત્ર આપવામાં આવ્યુ હતુ. જેમાં પાંચ કર્મચારીઓની જેમ આઉટસોર્સિંગથી આ કર્મચારીઓનો પણ સમાવેશ કરવા રજુઆત કરવામાં આવી હતી.

વરસાદી દિવસો દરમિયાન શહેરમાં મેલેરિયા અને ડેન્ગુયના રોગચાળાએ અજગર ભરડો લીધો હતો. જયારે હજુ પણ શહેર રોગચાળાની અસરથી પ્રભાવિત છે. શહેરમાં ડેન્ગયુના એકાદ કેસ પણ જોવા મળી રહ્યા છે. બીજીતરફ શહેરમાં રોગચાળા માટે જવાબદાર મચ્છરોને ડામવા માટે પોરાનાશક કામગીરી કરતા ફિલ્ડ વર્કરોને ગત ૩૦ મી એ છુટા કરી દેવાતા આ કર્મચારીઓમાં પ્રબળ આક્રોશ પ્રવર્તયો છે. જેને અનુલક્ષીને આજે આ તમામ કર્મચારીઓ ભેગા થઇને ગાંધીનગર મહાનગરપાલિકાની

● અનુસંધાન પાન-૭ પર

શહેરના વીઆઈપી ઝોનમાં નીલગાયનો આતંક

નવા સચિવાલય અને રાજભવનના વિસ્તારમાં પણ નીલગાયની અવરજવર વધી : રાજભવન પાછળના જંગલ સહીત સેક્ટરોમાં ૭૦૦ નીલગાયનો વસવાટ : હરિયાળી અને ફેન્સીગને પણ નુકશાન : નીલગાયના લીધે થતા અકસ્માતોની સંખ્યા પણ વિશેષ : માર્ગ સલામતી પણ જોખમમાં

ગાંધીનગર તા ૩

ગાંધીનગર શહેરમાં નીલગાયનો આતંક રહીશો માટે ત્રાસરૂપ બન્યો છે. શહેરમાં માર્ગો આસપાસ વન આરક્ષિત જગ્યામાં પણ નીલગાય રખડતી જોવા મળી રહી છે. નીલગાયના ત્રાસથી માર્ગ સલામતી પણ જોખમમાં મુકાઇ છે. વનવિભાગની દ્રષ્ટીએ આ શિડયુઅલ -૩ નુ પ્રાણી છે. શહેરમાં રખડતી નીલગાયની સંખ્યા અંદાજિત ૭૦૦ છે. રાજભવન પાછળના નદી કીનારાના જંગલમાં વનતંત્રના એનર્જીવન ઉપરાંત નવા સચિવાલય સહીત સેકટરોમાં નીલગાયએ અડ્ડો જમાવ્યો છે. જેના લીધે વનતંત્રએ વાવેતર કરેલા હરિયાળા રોપાઓ તેમજ ફેન્સીંગને પણ વારંવાર નુકશાન થઈ રહ્યુ છે.

ગાંધીનગરમાં માર્ગ સલાતમીને સ્પર્શતા પરિબળો યોગ્ય કરવા માટે અનેકવાર રજુઆતો કરવામાં આવી છે. શહેરના માર્ગો પર બેફામ દોડતા વાહનોની ગતિ નિયંત્રિત કરવા તેમજ ક્રોસ રસ્તાઓ બંધ કરવા માટે પણ અનેકવાર રજુઆતો થઈ છે. આ ઉપરાંત માર્ગ અકસ્માત માટે નીલગાય પણ જવાબદારો હોવાના અનેક કિસ્સાઓ ધ્યાને આવ્યા છે. નીલગાયના લીધે જાનલેવા અકસ્માત પણ વારંવાર થાય છે. હરિયાળી તેમજ વનતંત્રની ફેન્સીંગ માટે પણ નીલગાય અત્યંત જોખમી પુરવાર થઈ છે. નીલગાયના લીધે વારંવાર માર્ગો પર અકસ્માત થાય છે. નીલગાયને પકડીને દુરના જંગલ વિસ્તારમાં છોડી દેવા માટે અનેકવાર રજુઆતો પણ કરવામાં આવી છે. પરંતુ હજુ સુધી આ મામલે કાંઇ થયુ નથી. રાજયના પાટનગરમાં નીલગાયનો ત્રાસ વધી ગયો છે. શહેરના વનરાજીથી ઘેરાયેલા વિસ્તારમાં નીલગાય અડ્ડો જમાવી બેસે છે. રાજભવન પાછળના જંગલમાં પણ નીલગાયની સંખ્યા વિશેષ છે જયારે નવા સચિવાલય ઉપરાંત સે-૮,૯,સે-૩૦ અને સે-૧૯ ઉપરાંત ઘ-૦ વિસ્તારમાં પણ રખડતી નીલગાય અનેકવાર માર્ગો પર આવી ચઢતા વાહનચાલકો અકસ્માતને ભેટે છે. શહેરના મુખ્યમાર્ગો વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જમાં પણ નીલગાય આવી ચઢે છે. જયારે માર્ગ વચાળે ગમે ત્યારે કુદકા મારતી નીલગાયના લીધે માર્ગ સલામતી જોખમમાં મુકાય છે. નીલગાયના લીધે નગરની હરિયાળી તેમજ વન આરક્ષિત વિસ્તારમાં ફેન્સીંગને પણ નુકશાન થાય છે. નીલગાય ફેન્સીગં પણ તોડી નાંખે છે જયારે રોપાઓ પણ વેરવિખેર થઈ જાય છે. વનતંત્ર આ શિડયુઅલ -૩ ના પ્રાણીને પકડીને શહેર બહાર જંગલ વિસ્તારમાં હાંકી કાઢે તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

વોર્ડનં-૮માં સમાવિષ્ટ સેકટરોમાં સેવા સેતુનો કાર્યક્રમ યોજવા કમિશ્નરને રજુઆત

સેકટરવાસીઓની લાગણીને ધ્યાને લઇ વોર્ડ નં-૮ માં સેવાસેતુનો કાર્યક્રમ યોજવા કોપરિટર પાયલબેન મેણાતની રજુઆત

ગાંધીનગર તા ૩

ગાંધીનગરના નવા સેકટરો સે-૧,૨ અને ૩ ના વોર્ડ નં -૮ ના વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમનુ આયોજન થતુ નથી સ્થાનિક કાર્પોરેટરે આ અંગે મ્યુનિ કમિશ્નરને આમ નાગરિકોની લાગણી અને માંગણીને ધ્યાને લઇ આ વોર્ડના સેકટરોમાં સેવાસેતુના કાર્યક્રમનુ આયોજન કરવા રજુઆત કરી છે.

મહાનગરપાલિકા વિસ્તારના વોર્ડ નં -૮ ના નગરસેવક પાયલબેન મેણાતે આ અંગે નાયબ મ્યુનિસિપલ કમિશ્નરને રજુઆતમાં જણાંવ્યા મુજબ મહાનગરપાલિકા દ્વારા સેવાસેતુના કાર્યક્રમનુ આયોજન કરવામાં આવે છે. જેના માધ્યમથી નાગરિકોને સરકારી યોજનાઓનો લાભ પણ આપવામાં આવે છે. દર વખતે વોર્ડ નં -૭ અને વોર્ડ નં -૮નો સંયુકત સેવાસેતુ કાર્યક્રમ રાખવામાં આવે છે. જયારે છેલ્લા ત્રણ વખતથી બન્ને વોર્ડનો સંયુકત સેવા સેતુ કાર્યક્રમ વોર્ડ નં -૭ મા સમાવિષ્ટ સે-૬ ખાતે યોજવામાં આવે છે. આગામી તા ૬ ડિસેમ્બરના રોજ પણ સેવાસેતુ કાર્યક્રમ સે-૬ ખાતે રાખવામાં આવ્યો છે. પરંતુ વોર્ડ નં -૮ માં સમાવિષ્ટ સેકટરોમાં હજુ સુધી એક પણ સેવા સેતુ કાર્યક્રમ યોજાયો નથી. વોર્ડ નં -૮ માં સમાવિષ્ટ સેકટર ૧,૨ ,૩ ન્યુ અને

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં ઠંડી - લગ્નસરાની મોસમનો મંદ મિજાજ : લગ્નવર્ધિનુ બુકીંગ પણ નહીંવત

ઓછા મુહુર્તો વચ્ચે લગ્નસરાની સિઝન ફીક્કી : ડિસેમ્બર મહીનાના પ્રારંભે પણ ઠંડીની મોસમ જામી નથી : લગ્ન વર્ધિ માટે એસ ટી બસોના બુકીંગમાં પણ મંદી

ગાંધીનગર તા ૩

શહેરમાં આ વર્ષે ઠંડીની મોસમ હજુ શરૂ જ થઇ હોવાો અહેસાસ નગરજનો કરી રહ્યા છે. વહેલી સવારે તેમજ મોડી રાત્રે ગુલાબી ઠંડી અનુભવાય છે. ડિસેમ્બર મહીનાના પ્રારંભે લગ્નસરાની અને ઠંડીની સિઝનનો મંદ મિજાજ ટોક ઓફ ધ ટાઉન છે. લગ્નના મુહુર્તો પણ ઓછા હોવાથી લગ્નવર્ધિ માટે એસ ટી બસોને પુરતુ બુકીંગ પણ મળ્યુ નથી.

ગાંધીનગરમાં ડિસેમ્બર મહીનાના પ્રારંભે પણ ઠંડીની સાથે લગ્નસરાની મોસમ પણ સુસ્ત જોવા મળી રહી છે. ઠંડીની મોસમ હજુ જામી નથી. આકરી ઠંડીના દિવસોમાં ઠંડીની શરૂઆત પણ થઇ ન હોવાનો અહેસાસ નગરજનો કરી રહ્યા છે. જયારે લગ્નસરાની સિઝન પણ આ વખતે ફિક્કી જોવા મળી રહી છે. લગ્ન માટેના યોગ્ય મુહુર્ત બહુ ઓછા હોવાના લીધે શહેરમાં લગ્નસરાની મોસમની રોનક પણ પુરતી નિખરી નથી. લગ્નના મુહુર્તો ઓછા હોવાથી ગણ્યાં ગાંઠ્યા મુહુર્તોમાં જ લગ્નની વિધિ આટોપી લેવી પડે તેવી સ્થિતિ વચ્ચે લગ્નસમારંભના આયોજકોએ પણ હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. જો કે દર વર્ષે લગ્ન મહોત્સવના આયોજનમાં ઠંડીનો ચમકારો ચિંતાનો વિષય બની રહે છે. પરંતુ આ વખતે હજુ ઠંડીની મોસમ પણ શરૂ થઇ નથી તેમ કહીએ તો પણ ચાલે તેવી સ્થિતિ છે.

શહેરમાં દિવાળી બાદ ઠંડીના ચમકારાની શરૂઆત થઇ જાય છે. જયારે ડિસેમ્બર મહીનાના પ્રારંભે આકરી ઠંડીનુ મોજુ ફરી વળતા રાત્રિના સમયે ઘરની બહાર નિકળવાનુ પણ મુશ્કેલ બને છે. પરંતુ હાલ ઠંડી અને લગ્નસરાની મોસમ સુસ્તીની સ્થિતિમાં છે. સેકટરોમાં ઢોલ અને શરણાંઇનો અવાજ સાંભળવા કાન ધરવા પડે તેવી સ્થિતિ છે. જયારે લગ્નસરાની મોસમ સુસ્ત રહેતા એસ ટી નિગમને પણ લગ્નવર્ધિ માટે બુકીંગ મળ્યુ નથી અલબત્ત ગત વર્ષની સાપેક્ષમાં લગ્નવર્ધિની આવકમાં પણ મોટી ઘટ પડી છે.

અરબી સમુદ્રમાં હળવા દબાણની અસર વર્તાઈ

ગાંધીનગર,તા.૩

મંગળવારના રોજ અરબી સમુદ્રમાં હળવા દબાણની અસર વર્તાઈ હતી. હળવા દબાણની અસર વર્તાતા દરિયો તોફાની બને તેવી શક્યતાઓ રહેલી છે. આ અંગે દરિયામાં રહેલા માછીમારોને પણ સાવચેત કરવામાં આવ્યા છે અને તેમને સૂચના પણ મોકલી આપવામાં આવી છે.

અરબી સમુદ્રમાં સર્જાયેલા લો પ્રેશરના કારણે જાફરાબાદ બંદર પર ૧ નંબરનું સિગ્નલ લગાવી દેવામાં આવ્યું છે અને માછીમારોને દરિયો ન ખેડવા સૂચના પણ આપી દેવામાં આવી છે. માછીમારોને તારીખ ૩ ડિસેમ્બરથી ૭ ડિસેમ્બર સુધી દરિયો ન ખેડવા માટે સૂચના અપાઈ છે.

ડીપીએસ ઈસ્ટની માન્યતા રદ થતાં સ્કુલ અંતે બંધ કરાઈ

બાળકો-વાલીઓએ ઉત્તરનગર ગાર્ડનની પાસે સૂત્રોચ્ચાર કર્યા : વિવાદનો અંત લવાશે : ચુડાસમાએ આપેલી ખાતરી

અમદાવાદ, તા.૩

નિત્યાનંદ વિવાદ મામલામાં મુશ્કેલીમાં મુકાયેલી અને ટીકાટિપ્પણીનો સામનો કરી રહેલી દિલ્હી પબ્લિક સ્કુલને લઇને વાલીઓમાં તથા વિદ્યાર્થીઓમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. આજે પણ ધરણા પ્રદર્શનનો દોર જારી રહ્યો હતો. બેઠકોનો દોર પણ જારી રહ્યો હતો. બીજી બાજુ વાલીઓના આક્રોશ વચ્ચે શિક્ષણમંત્રી ચુડાસમાએ એક બે દિવસમાં જ નિકાલ લાવવાની ખાતરી આપી છે. નિત્યાનંદ વિવાદ બાદ દિલ્હી પબ્લીક સ્કૂલ (ડીપીએસ)ની એનઓસી અને એફિલીએશનને લઈને સ્કૂલની માન્યતા રદ કરવામાં આવી છે. એટલું જ નહી, ડીપીએસ સ્કૂલને અનિશ્ચિત મુદ્દત માટે બંધ કરી દેવાઈ છે. વાલીઓ ઉત્તમનગર ગાર્ડન મળીને જિલ્લા શિક્ષણાધિકારી (ડીઈઓ) ઓફિસે પહોંચ્યા હતા. તેમણે સ્કૂલ ચાલુ રાખવાની લેખિત ખાતરી આપવામાં આવશે તો જ સંકુલ

● અનુસંધાન પાન-૭ પર

જાન્યુઆરીના પ્રારંભે મેગા બ્રાહ્મણ બિઝનેસ સમિટનું આયોજન

બિઝનેસ સમિટ સાથે ''બ્રહ્મ ગૌરવ એવોર્ડ'' સમારંભ પણ યોજાશે : આશરે ૨ લાખ મુલાકાતીઓનો અંદાજ : ૨૦૦ જેટલાં સ્ટોલ્સ સાથે ૧૫૦૦થી વધુ બ્રહ્મ વ્યવસાયકારો ભાગ લેશે : ૧૦ હજાર રોજગારીનુ સર્જન થશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર-સરખેજ હાઈવે પરના અડાલજ સર્કલ નજીકના ત્રિમંદિર ખાતે તા. ૩ થી ૫ જાન્યુઆરી દરમ્યાન મેગા બ્રાહ્મણ બિઝનેસ સમિટ-૨નું આયોજન કરાયું છે. આ સમિટ દરમ્યાન ''બ્રહ્મ ગૌરવ એવોર્ડ-૨'' પુરસ્કાર એનાયત સમારંભ પણ યોજાશે તેમજ બિઝનેસ સમિટિમાં બીટુબી, બીટુસી જેવા વ્યવસાયિક આયોજનો સાથે ગુજરાતના ઉદ્યોગપતિઓ, વ્યવસાયકારોને સંલગ્ન કરતો મોટો વ્યવસાયિક મેળો યોજાઈ રહ્યો છે.

મેગા બ્રાહ્મણ બિઝનેસ સમિટ-૨માં બે લાખથી વધુ મુલાકાતીઓ મુલાકાત લેશે તેવો અંદાજ છે તેમજ આ મેગા ઈવેન્ટના માધ્યમથી બીટુબી અને બીટુસી પ્લેટફોર્મ પ્રદાન કરાશે. આ સમિટ ઘરેલુ તથા આંતરરાષ્ટ્રીય વ્યવસાયમાં સમાજ

● અનુસંધાન પાન-૭ પર

મેગા બ્રાહ્મણ સમિટના આકર્ષણો

● સ્થાનિકથી માંડીને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે વ્યવસાયિકતા ● બીટુબી અને બીટુસી પ્લેટફોર્મ ● વિવિધ વિષયે ત્રણ દિવસ સેમિનાર્સ ● મહિલા અને બાળ વિકાસની તક ● ધર્મ અને શાળાઓનો વિકાસ માટે ચર્ચા ● યુવા વિકાસ અને રોજગારી અંગે પ્રયાસ ● સફળ ઉદ્યોગપતિઓનું માર્ગદર્શન ● સરકારી યોજનાઓની માહિતી ● આધુનિક ટેકનોલોજી અને માર્કેટીંગથી વ્યવસાય વધારવાની તક ● બ્રહ્મ બાળનગરી સાથે મનોરંજન

બેસણું

અમારા પૂજ્ય **પિતાશ્રી ગિરીશચંદ્ર ચંદુલાલ શાહ (જી.સી. શાહ, નિવૃત્ત IAS) તા. 02.12.2019 ને સોમવાર**નાં રોજ તેમના સંતાનો અને કુટુંબીજનોની ઉપસ્થીતીમાં ભગવદ્ સંકિર્તન કરતાં કરતાં **દેવલોક પામ્યા છે.** ઇશ્વર-ઇચ્છા બળવાન છે. પ્રભુ સદ્ગતનાં આત્માને ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

બેસણું : તા. 05.12.2019 ને ગુરુવારનાં રોજ **સવારે 9 થી 11 કલાકે** અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

સરનામું: 234, સેક્ટર 7-A, સેક્ટર 7/8 ના બસ સ્ટેન્ડ પાછળ, ગાંધીનગર.

મયુર જી. શાહ (સિવીલ એન્જીનીયર) ગવર્મેન્ટ એપ્રુવ્ડ વેલ્યુઅર મો.: 9825257775

લિ. ડૉ. કલ્પિતા મનીષકુમાર દવે મો.: 9924558450

દેવાંગ જી. શાહ (USA)

સાયન્સસીટી-સોલામાં નવો શો-રૂમ ખુલેલ છે.

હોલસેલ ભાવે વગર મજુરીએ હોલમાર્ક દાગીના મળશે. (કાયમી ધોરણે)

જુના દાગીનાનું પુરૂ વળતર

(શેરથાવાળા)

N. C. Zaveri

GOLD, JADTAR, ANTIQUE, DIAMOND & SILVER.

૮૧૪૧૦૭૫૦૨૫, ૮૭૫૮૬૯૧૩૦૯

શો-રૂમ સમય : બપોરે ૧.૦૦ થી ૬.૦૦ (રવિવારે ચાલુ)

૫૫, સુપર બંગ્લોઝ, સાયન્સ સીટી ગેટ પાસે, સ્વામિનારાયણ મંદિર પાસે, સોલા, અમદાવાદ.

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯ મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮, E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality

KisaN®

ashirvad

Jaquar experience bathing

DR. FIXIT®

TATA STEEL • PIPES • SHEETS

ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર. ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬ સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com